

સાવચેતી | મિતા ઉપાધ્યાય
feedback.ladki@bombaysamachar.com

# ... તો તમારાં સંતાનો અપસેટ નહીં થાય



**આજના** જમાનામાં સ્કૂલે જતાં બાળકો ખૂબ ચબરાક હોય છે. માતા-પિતાનાં વાણી-વર્તન અને ચહેરાના હાવભાવ પરથી અથવા તેમને આપવામાં આવતા પૉકેટ મનીની રકમ પરથી તેઓ પામી જતાં હોય છે કે ઘરની આર્થિક હાલતમાં કોઈ ફેરફાર થઈ રહ્યો છે કે થવાની તૈયારીમાં છે. આવા સંજોગોમાં તેમના કુમળા મનમાં જાતજાતના અને ભાતભાતના સવાલ ઊઠે છે. તેઓ વિચારે ચડી જાય છે. માતા-પિતાને અનેક સવાલ કરે છે. એવા સમયે તેમને સંતોષ થાય તેવો જવાબ આપીને સમજાવવાનું આવશ્યક છે.

પિન્કી અને રીમા કોન્વેન્ટમાં એક જ વર્ગમાં ભણતાં હતાં. દરરોજ રીમા લંચ બોક્સમાં કંઈને કંઈ નાસ્તો લઈ આવે. પણ થોડા દિવસથી તે લંચ બોક્સમાં વઘારેલા મમરાસેવ જ લઈ આવતી હતી. તેને બીજા સાથે બેસીને નાસ્તો કરવામાં શરમ આવતી હતી. પિન્કીએ રીમાને આનું કારણ પૂછતાં રીમા અચાનક રડી પડી. તેણે પિન્કીને કહ્યું ‘મારા ડેડની કંપની બંધ થઈ ગઈ છે. એટલે હું બીજો કોઈ નાસ્તો લાવી શકતી નથી.’ એ સાંભળી પિન્કીએ કહ્યું અરે ! આપણે બંને નાસ્તો શેર કરીશું.

આર્થિક મંદીના વાયરામાં નોકરી કરતાં પતિ-પત્ની પૈકી પતિની કંપની બંધ થઈ જાય અથવા તેને નોકરીમાંથી પાણીચું આપવામાં આવે તો ઘર ચલાવવાની ચિંતા ઘેરી વળે એ સ્વાભાવિક છે. એમાં પણ જો બેન્ક લોન લઈને આલીશાન ફ્લેટ ખરીદ્યો હોય તો લોનની રકમ ચૂકવવાનું મુશ્કેલ બની જતું હોય છે. અનિતા અને કેતન વચ્ચે ફ્લેટની ઈએમઆઈની રકમ ચૂકવવાની બાબતે ચર્ચા થતી રહેતી. તેમની વચ્ચે થતી વાતચીત તેમનો ૧૨ વર્ષનો પુત્ર આશિષ અને ૧૪ વર્ષની પુત્રી અર્ચના સાંભળી ગયાં. એક દિવસ ભાઈબહેન મમ્મી-પપ્પા પાસે ગયાં અને તેમને પૂછી નાખ્યું કે ‘શું આપણે ગરીબ થઈ ગયા છીએ ? આવો સરસ ફ્લેટ છોડીને બીજી જગ્યાએ રહેવા જવું પડશે કે પછી અમારે મોસાળ જવું પડશે?’ તેમની વાત સાંભળીને અનિતા સ્તબ્ધ થઈ ગઈ. તેણે થોડી વાર પછી સંતાનનોને કહ્યું ‘તમારે એની ચિંતા કરવાની જરૂર નથી, અમે તો બિનજરૂરી ખર્ચ પર કાપ મૂકી રહ્યા છીએ.’ પણ આવું કહેવાથી બાળકોની ચિંતા ઓછી નથી થઈ જવાની.

સ્માર્ટ સંતાનો માતા-પિતાને પૈસાની બાબતે સવાલો કરતા રહે છે એ જોઈ-સાંભળીને એવું લાગે છે કે માતા-પિતાએ પોતાના બચપણમાં આવા સવાલો નહીં પૂછ્યા હોય.

એક વાત પાકી કે માતા-પિતા ભલે પોતાનાં સંતાનોને કોઈ વાત ન કરે પણ તેમને ખબર પડી જતી હોય છે. સ્કૂલમાં ભણતા અને રિસેસમાં ટિફિન શેર કરતાં બાળકોને ખબર પડી જતી હોય છે કે કોના પિતા અથવા માતાની નોકરી છૂટી ગઈ છે અથવા કોના પિતા વિદેશ નોકરી કરવા જઈ રહ્યા છે. એટલે જ નાની ઉંમરના બાળકો આર્થિક બાબતે સવાલ કરતા થઈ જાય ત્યારે તેમના મનનું સમાધાન થાય તેવો જવાબ આપવાનું આવશ્યક છે. તમારી અને તમારા પતિ અથવા તમારા કોઈ સગા સાથેની વાતચીત અંગત રાખવી જોઈએ. વ્યાજની રકમની વાત ફોન પર બને તેટલી જલદી પૂરી કરવી. એમાંય બાળકોની હાજરીમાં અથવા તે ઊંઘી ગયા હોવાનું માની લઈને ફોન પર કદાપિ કરવી નહીં.

સાઈકોલોજિસ્ટના મત પ્રમાણે માતા-પિતા એકબીજા સાથે વાત કરે તે બાળકો સારી રીતે સમજતાં હોય છે. બાળકો ખૂબ મસ્તી કરતા હોય છે. માતા-પિતા માને કે તેમનાં સંતાન ગાઢ ઊંઘમાં હશે પણ તેમની ધારણાથી વિપરીત તેઓ તમારી વાત સાંભળી શકે એવી જગ્યાએ હોય છે. માની લો કે તમે કોઈની સાથે મજાકમાં વાત કરી કે અમે નાની જગ્યામાં રહીએ છીએ, એ સાંભળીને તમારા સંતાન ગંભીર બની જતા હોય છે. તેમને એવું લાગે છે કે બીજાઓની સરખામણીએ તેમનાં માતા-પિતા પાસે ઓછા પૈસા છે. આ વાતનો ડર તેમના મનમાં પેસી જતો હોય છે. એટલે આર્થિક બાબતોની ચર્ચાવિચારણા સંતાનોને ખબર નહીં પડે તેવી રીતે કરવી જોઈએ. તમે ખર્ચ પર કાપ મૂકી રહ્યા હો અને બાળકોને કેવી રીતે કહેવું તે નક્કી કરી શકતા ન હો તો તેમને સીધું કહી શકો કે હમણાં આપણી પાસે પૈસા થોડા ઓછા છે એટલે મલ્ટિપ્લેક્સમાં ફિલ્મ જોવા જવાનું, હૉટેલમાં જમવા જવાનું બંધ કરી દેવાનું છે. આમ સ્પષ્ટ વાત કરવાથી તેઓ પૈસાની તંગીની વાતથી હેરાન નહીં થાય ગભરાશે નહીં. તમારી નોકરી છૂટી જવાની છે એ વાત સંતાનોથી છુપાવવાનો કોઈ અર્થ નથી. શુગરકોટેડ જુઠ્ઠાણું ચલાવીને તેમનાથી ખરી વાત છુપાવવાથી નબળી થતી જતી આર્થિક પરિસ્થિતિ દરમિયાન તેમનું મન આળું થઈ જાય છે.



માનો કે બાળકો તમારી વાત સાંભળીને સવાલ કરે તો એવું કહી શકો કે આપણી પાસે અત્યારે ઓછા પૈસા છે એટલે ઘરખર્ચનું પ્લાનિંગ કરીએ છીએ. તેમને આવી વાત કરવાથી અને ચર્ચામાં સામેલ કરવાથી તેઓ પોતાનો અંગત ખર્ચ નિયંત્રિત કરતા શીખે છે. ક્યાં ક્યાં બચત કરી શકાય એવો સવાલ કરીને તેમને સૂચનો કરવા કહેવું જોઈએ. નબળી પરિસ્થિતિ હોય તે દરમિયાન બાળકો પૉકેટ મનીની રકમ ઓછી કરે અથવા કોઈ કામ કરવા ઈચ્છતાં હોય અને યોગ્ય લાગે તો તેમને કામ કરવાની પરવાનગી આપી શકો. એમ કરવાથી તેમનામાં જવાબદારીનું ભાન કેળવાશે. આ વાત ભવિષ્યમાં તેમને ખૂબ કામ આવશે. માટે જ નબળી આર્થિક પરિસ્થિતિમાં ગભરાઈ જવાને બદલે સારો માર્ગ શોધવો જોઈએ. પેલી કહેવત છેને કે હિમ્મતે મર્દા તો મદદે ખુદા. ■

સમજણ | કામિની સંઘવી
feedback.ladki@
bombaysamachar.com



# ‘હોમમેકર’ બનવું એ થેન્કલેસ જોબ છે?

**પિસ્તાલીસ** વર્ષની એક મિડલ એઈજ્ડ સ્ત્રીને બે દીકરીઓ છે. એક દીકરીની ઉંમર ત્રેવીસ વર્ષ અને બીજીની ઓગણીસ વર્ષ. બંનેના હાયર સ્ટડી માટે બહેને ભરપૂર કોશિશ કરી છે. કહો કે પોતાની દીકરીઓ પગભર થાય તે સિવાય જીવનમાં તેમનું બીજું કોઈ ધ્યેય ન હતું. મોટી દીકરીનું એડ્યુકેશન હવે પૂરું થયું છે અને જ્ઞાતિ કે સગાંવહાલાંમાંથી દીકરીનાં લગ્ન માટે વાતચીત આવે છે. પણ બહેન મક્કમ છે કે તે એવા ઘરમાં જ તેની દીકરી પરણાવશે જેમાં તેની દીકરીને માટે ‘હોમમેકર’ બનવાનું ન હોય. એટલે કે તેમની દીકરીને માટે મહત્ત્વની તેની કરિયર છે, જેમ દરેક પુરુષ માટે હોય છે તેમ. ઘણાંને બહેન પૈસાની લોભી છે તેવો આક્ષેપ કરે છે. તો ઘણાં તેમની વાત ગેરવાજબી છે તેવું કહેતા પણ અચકાતા નથી. પણ બહેન મક્કમ છે, ભલે મારી દીકરી કુંવારી રહે પણ તેને એવા ઘરમાં જ પરણાવીશ જેમાં તેની કરિયર બનાવવા પર પ્રતિબંધ ન હોય. કારણ કે ભણીગણીને માત્ર ગૃહિણી કે હોમમેકર બની રહેવાથી-બનવાથી શું શું ગુમાવું પડે છે તે બહેન જાણી ચૂક્યાં છે.

સાયન્સમાં ફર્સ્ટક્લાસ મેળવીને બહેને ગ્રેજ્યુએશન પૂરું કર્યું ને તરત માતા-પિતાએ સારો છોકરો જોઈને તેમને પરણાવી દીધાં. લગ્ન થયાં ત્યારે તેમના પતિ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. પતિના મોટા ભાઈ-ભાભી તેમનો દીકરો તથા સાસુ-સસરા. પતિના મોટાભાઈની ત્યારે સારી જોબ ન હતી તેથી ઘરનો બધો ભાર પતિ પર! મોટો ભાઈ સારી જોબ ન હોવાને કારણે ઘરમાં ‘બિચારો’ હતો એટલે સાસુ-સસરાના બધાં લાડ-પ્રેમ મોટા ભાઈ-ભાભી (જેઠ-જેઠાણી)ને મળે! ભલે ઘર આ બહેનના પતિના પૈસે ચાલતું હોય. ભલે ઘરના લોનના હપ્તા બહેનના પતિના પૈસે ચૂકવાતા હોય. ભલે પહેલાં એલટીસીમાં પતિ-પત્નીએ ફરવા જવાનું કેન્સલ કરીને સાસુ-સસરાને જાત્રા કરવા મોકલ્યાં હોય!

અંતે બીજા શહેરમાં મોટાભાઈને જોબ સારી મળી અને સારું કમાતો થયો પણ બિચારાને હજુ ઘર વસાવવાનું એટલે આપણે મદદ કરીએ તેવી સાસુ-સસરાની લાગણી રહે તેથી પોતાની મૂડી તો ખરી જ પણ નાના દીકરાની કમાયના પૈસા મોટાભાઈ પર ખર્ચાય, જ્યારે મોટા દીકરાના ઘરે જવાનું થાય ત્યારે ‘બિચારા’ને ખર્ચો પોસાય નહીં. તેમ ગણીને ઘરેથી જ ઘણી બધી વસ્તુ લઈ જવામાં આવે. માતા-પિતા ત્યાં એક-બે અઠવાડિયા રહે કે ત્યાં આવવા-જવાનો મુસાફરીનો ખર્ચ બધો નાનો ભાઈ જ આપે. આ બહેન પતિ પાસે વિરોધ કરે કે આ અન્યાય છે. ત્યારે પતિ કહી દે કે ભાઈઓની બાબતમાં તારે માથું નહીં મારવાનું. તું તારા પિયરથી પૈસા નથી લાવી. જો કે સાસુને મોતિયાનું ઓપરેશન હોય કે સસરાને ઝેરી મેલેરિયા થયો હતો ત્યારે દિવસ-રાત દોડાદોડી આ બહેને જ કરી હતી. પણ તે તો ‘વહુ’ તરીકેની ફરજ કહેવાય ને! સાસુ-સસરાની સેવા કરી તેમાં શી ધાડ મારી! હા, સાસુ-સસરાની માંદગી સમયે મોટાભાઈ-ભાભી એટલે કે બહેનના જેઠ-જેઠાણી સ્પેશિયલ તેમના શહેરથી ઓફિસમાંથી રજા લઈને ઊભા ઊભા ખબર પૂછી ગયા હતા. ‘બિચારા’નો પગાર કપાયને એટલે વધારે રજા તો કેમ પાડે! માતા-પિતા માટે પતિ મરજી પ્રમાણે પૈસા ખરચે પણ પતિના હેન્ડસમ પગારમાંથી એકાદ સોનાનું ઘરેણું લેવું હોય તો પતિને પૂછવું પડે. પિયરિયા સાથે વધારે ફોન પર વાત થાય તો સાસુને ગમે નહીં કે શંકા થાય વહુ આપણા ઘરને વગોવતી હશે! જેઠનું ગામ નાનું તેથી સારી સ્કૂલ ન હતી તેથી સાસુ-સસરાએ તેમના દીકરાને પોતાની પાસે રાખીને ભણાવ્યો. પણ ‘હવે અમારી ઉંમર થઈ અમારાથી દોડાદોડી ન થાય’ તેથી સ્કૂલે જેઠના છોકરાને લેવા-મૂકવા, સમયસર ટિફિન બનાવવાનો ભાર પણ આ બહેન પર! ઘર-ગૃહસ્થીના ભાર વચ્ચે બહેન અધરાતે-મધરાતે ઘણીવાર સફાળાં બેઠાં થઈ જાય છે. કોઈ અપરાધની લાગણી ઘેરી વળે છે. કંઈક બાકી રહી ગયું છે તેવી ભાવનાથી દિલ લોહી-લુહાણ થાય છે. પોતાની હોમમેકર સિવાય કોઈ ઓળખ છે તે

(જુઓ પાનું ૯) ▶▶

**રેડ ચિલિ**

'You educate a man; you educate a man. you educate a woman; you educate a generation.' **-Brigham Young**

વિચાર મંથન | નીલા સંઘવી
feedback.ladki@
bombaysamachar.com



# બધાં વ્રત-ઉપવાસ સ્ત્રીએ જ શા માટે કરવાનાં?

**પુરુષો કેમ સ્વેચ્છાએ કોઈ વ્રત કરવા તૈયાર નથી થતા? શું તેઓ એવું નથી ઈચ્છતા કે તેમની પત્ની સો વર્ષ સુધી જીવે?**

**ગુજરાતી** સમાજની કેટલીક જ્ઞાતિઓમાં કરવામાં આવતું દિવાસાનું વ્રત જુલાઈ મહિનામાં હતું. મોળાકત, જયાપાર્વતી, વટસાવિત્રીનું વ્રત ઉપરાંત આ દિવાસાનું વ્રત ગુજરાતીઓ બહુ ધામધૂમથી કરે છે. આ દિવાસાનું વ્રત બહુ જ કઠિન છે છતાંયે સ્ત્રીઓ બિચારી પતિના દીર્ઘાયુ માટે હોંશે હોંશે કરે છે.

અષાઢ વદ અમાસનો દિવસ એટલે દિવાસો. આ દિવસે નવી પરણેલી વહુ વહેલી ઊઠી, નાહીધોઈ, પૂજા કરીને સરસ મજાના કીંમતી વસ્ત્રો અને દાગીના પહેરીને મંદિરે દર્શન કરીને સગાંવહાલાં અને વડીલોના આશીર્વાદ લેવા તેમના ઘેર જાય છે. આખા મુંબઈમાં કેટલાં બધાં સગાંસંબંધી હોય, બધાને ઘેર જતાં પેલી પુત્રવધૂ બિચારી કેટલી થાકી જતી હશે! એમાંયે આખો દિવસ આંખનું મટકું મારવાનું નથી, ખાવાનું નથી સાંજના સમયે મીઠાઈ, દૂધ, ફ્રૂટ્સ લઈ શકાય. ફરી આખી રાત જાગરણ કરવાનું, તેના પછીના દિવસે પણ સૂઈ ન શકાય. બીજે દિવસે સાંજે સાત વાગ્યા પછી સૂઈ શકાય. કેટલું આકરું વ્રત છે આ. આ વ્રત લગ્ન પછીનાં પાંચ વર્ષ કરવાનું રહેતુ. પણ થેન્ક ગોડ હવે બહેનો પહેલા જ વર્ષે આ વ્રતનું ઉજવણું કરી લે છે. પતિ પરમેશ્વરના દીર્ઘાયુ માટે થતાં બધાં જ વ્રત આવાં કઠિન હોય છે. પંજાબીઓમાં પણ કરવા ચોથનું વ્રત પ્રચલિત છે, જે મહિલાઓ પોતાના પતિના દીર્ઘાયુ માટે કરતી હોય છે. આવાં વ્રત કરવાથી પતિનું આયુષ્ય વધે છે કે નહીં તે વળી બીજો જ પ્રશ્ન છે. બાકી યુવાનવયે વિધવા થતી સ્ત્રીઓએ પણ આવું વ્રત તો કર્યું જ હોય છેને? જોકે અહીં આપણે આ વિષયમાં ચર્ચા નથી કરવાના. આપણે એ વિચારવાનું છે કે શા માટે સ્ત્રીઓ જ આવાં વ્રત કરે?

સ્ત્રીઓના મનમાં પોતાની માતા, દાદી, નાની વગેરેને કારણે એક વાત ઘર કરી ગઈ છે કે આ બધું કરવું જરૂરી છે. તેઓ આ વિષયમાં કોઈ જ વિચાર કર્યા વગર પરંપરાગત રિવાજોનું આંધળું અનુકરણ કર્યા કરે છે. જો કે આજની સ્ત્રી હવે જાગૃત થઈ છે. તેને હવે ખ્યાલ આવી ગયો છે કે આવાં વ્રત, ઉપવાસ કરવાનો કોઈ અર્થ નથી. આ વિષયમાં વાત કરતાં વિધિ મોદી કહે છે, ‘પ્લીઝ, ક્યારેય પૂર્ણ ન થતાં આવાં વિધિવિધાનોમાં વગર વિચાર્યે કદી ભાગ લેતાં નહીં. આવાં વ્રતો કે વિધિવિધાનોથી કોઈ જ અર્થ સરતો નથી. પતિ સો વર્ષનો થાય એ માટે પત્નીએ વ્રત રાખવાં પડે એ બાબત જ મને તો બહુ અપમાનજનક લાગે છે. શા માટે કરવા ચોથ કે દિવાસો જેવાં વ્રત પુરુષો નથી કરતા? શું તેઓ નથી ઈચ્છતા કે તેમની પત્ની સો વર્ષ સુધી જીવે?’

આ બધાં વ્રત, વિધિવિધાન, તપ, રિવાજ ભાગ્યે જ પ્રેક્ટિકલ હોય છે. તેથી જ નવા જમાનાની સ્ત્રીઓ એને સ્વીકારતી નથી. પણ ઘરના વડીલોના આગ્રહને કારણે તેમને ઘસડાવું પડે છે. કોઈ પણ વ્રત, તપ, પૂજા, વિધિને કારણે કાંઈ લગ્નજીવન લાંબું ટકી રહેવાનું નથી કે નથી પતિની ઉંમર વધી જવાની. પતિ-પત્ની વચ્ચે માન, પ્રેમ હશે, એકમેકને સાચવી લેવાની વૃત્તિ હશે, પતિ માટે યોગ્ય આહારની વ્યવસ્થા કરવાની વૃત્તિ હશે એ જ રીતે પતિ તરફથી પત્નીની કાળજી રાખવામાં આવશે તો ફક્ત પતિનું જ નહીં, પત્નીનું પણ આયુષ્ય વધશે અને પરિવારનું ભલું થશે.

રુચિકા શર્મા એક આઈટી કંપનીમાં જોબ કરે છે. તે વ્રત, ઉપવાસ વિષે વાત કરતાં કહે છે, ‘મારા સાસરિયાં ગામમાં રહે છે. જ્યારે કોઈ વ્રત કે તપ કરવાનું હોય ત્યારે ગામમાંથી ફોન કરીને કહે છે, જો કાલે વ્રત છે, ભૂલી નહીં જતી. બરાબર કરજે. કામ પર જાય ત્યાં ભૂલેચૂકે કાંઈ ખાઈ-પી લેતી નહીં. તારી પાણીની બોટલ પણ તારી સાથે જ લઈ જજે. બહારનું તો પાણી પણ ન પીવાય, ઠંડા પીણાં પણ નહીં,’ તે મારે તો બધું બોલવું છે, તેમને થોડી ખબર છે કે અહીં હું મારી ગૃહસ્થી અને મારા કામ વચ્ચે સમતુલા જાળવીને કેટલી થાકી જાઉં છું. એમાં ભૂખી-તરસી રહીને તો મરી જ જાઉં ને? તે લોકો એમ ઈચ્છે છે કે તેઓ પેઢીઓથી જે કરતા આવ્યા છે એ હું પણ કરું. પણ સમય બદલાયો છે એ વિષે તેઓ કેમ સમજતા નહીં હોય? આજની કરિયર ઓરિએન્ટેડ સ્ત્રીઓ માટે આવા રિવાજો પાળવા, ઉપવાસ કરવા, ઉજાગરા કરવા બધું બહુ જ મુશ્કેલ છે. એને માથે ઘર, વર, બાળકો અને પોતાની નોકરીની જવાબદારી છે. આ બધાં ક્ષેત્ર સંભાળતી સ્ત્રી જો આવું બધું કરવા બેસે તો માંદી જ પડી જાયને? પતિના દીર્ઘાયુ માટે વ્રત, તપ, જપ કરવા જતાં પોતાની જ તંદુરસ્તીને જોખમમાં મૂકી દે?

આજકાલ હિન્દી ફિલ્મો કે ટીવી સિરિયલ્સમાં એવું બતાવે છે કે પતિ પણ પત્ની સાથે ઉપવાસ કરે છે. જોકે રિયલ લાઈફમાં આવું ખાસ જોવા કે સાંભળવામાં આવ્યું નથી. જોકે નવી પેઢીનો તાજેતરમાં જ પરણેલો અમિત શાહ કહે છે, ‘આમ તો નવરાત્રિ હોય કે દિવાસો, ઉપવાસ મારી પત્ની જ કરે છે, પણ ક્યારેક તે મને આગ્રહ કરે છે કે હું પણ ઉપવાસ કરું, તેથી તેને ખુશ કરવા હું પણ ઉપવાસ કરી લઉં છું, કારણ કે હું તેને પ્રેમ કરું છું.’

બિટવીન ધ લાઈન્સનો અર્થ સમજાય છેને? ભણેલીગણેલી પત્નીનો આગ્રહ છે કે ભાઈ, હું એકલી જ શા માટે આ બધું કરું. તું પણ કરને. તેથી પત્નીને ઓબ્લાઈજ કરવા પતિમહાશય ઉપવાસ કરે છે, બાકી તેને કાંઈ આ પસંદ નથી. આખરે આ બધું તો સ્ત્રીઓએ જ કરવાનું હોયને? તમે શું માનો છો? ■